**ક્રિમીનલ કેસ નં.૭૫૫૧૪/૨૦**

**જુગાર ધારા કલમ : ૧૨ અ અન્વયે આરોપી ની ગુના કબુલાત અન્વયે હુકમ.**

।૧। ચાર્જશીટ તથા સાથેના પેપર્સ, આરોપીઓની ગુનાની કબુલાત વંચાણે લીધી, આરોપી/ આરોપીના વકીલશ્રીને સાંભળ્યા. આરોપી સામે ચાર્જશીટ મુજબના ગુનાનુ તહોમત આ અદાલતમા રજુ કરવામા આવ્યુ છે. આ કામનુ રેકર્ડ તથા પેપર્સ ધ્યાને લેતા, આરોપીઓએ જાહેર જગ્યામા પોતાના ફાયદા સારુ પૈસા પાનાથી નાણાની હારજીતનો જુગાર રમી રમાડતા, આરોપી મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલા, તે પૈકી આ કામના સદરહુ આરોપીઓ આજરોજ જાતે કોર્ટમા હાજર થઈ તેની સામેના ગુનાનો સ્વીકાર કરી તે મતલબની પુરસીસ આપી છે. વધુમાં આરોપી તરફે રજુઆત કરવામા આવી છે કે, તેની સામેના ગુનાનો સ્વીકાર કરી, તે મતલબની પુરસીસ આપી છે. વધુમાં આરોપીઓ તરફે રજુઆત કરવામા આવી છે કે તેની સામેના આ પ્રથમ ગુનો છે અને અજાણતાથી ઈરાદા વગર ગુનો થયો છે, તેમના પર કુટુંબની ભરણપોષણની જવાબદારી છે. સદરહુ કેસ ટ્રાયલનો સામનો કરી રહેલ છે, જેથી તેની પર દયા રાખી ઓછી રકમનો દંડ કરવા રજુઆત કરી છે.

।૨। આરોપીઓએ આજરોજ સ્વૈચ્છાએ ગુના કબુલાતની પુરસીસ આપી છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે, અજાણતાથી ગુનો થયેલ છે, તેમના ઉપર આર્થીક અને કાટુંબીક તથા સામાજીક જવાબદારી છે, તેમજ આ તબકકે એ ધ્યાને લેવુ જરુરી છે કે, કાયદામા ઠરાવેલી નિયત સજા કરવામા આવે અને આરોપીને જેલની સજા કરવામા આવે તો ન્યાયતંત્રના સીધ્ધાંત મુજબ અન્ય આરોપીની સોબતના કારણે ખરાબ અસર થાય. પરંતુ આ કામે આરોપી એ પોતાના લાભ સારુ અન્ય આરોપી સાથે મળી આચરેલ ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા તે અંગે કાયદામા ઠરાવેલી સજા, તથા આરોપી સામે સમંસ ટ્રાયેબલ પ્રકારના ગુનાનો આક્ષેપ છે, તેમજ આરોપીઓ સદરહુ કેસ કાર્યવહીનો સામનો કરી રહેલ છે, તથા તેની આર્થિક, સામાજીક પરિસ્થિતીને તથા તેના કુટુંબની જવાબદારીને ધ્યાને લેતા, આરોપીઓને હળવી સજા કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાય તે છે. જેથી ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

આ કામના આરોપી નં.૧, ૨ અને ૩ પ્રત્યેકનાઓને જુગારધારા કલમ : ૧૨અ મુજબના ગુનામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ :૨૫૨ અન્વયે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને પ્રત્યેકને રુા.૨૦૦/–×૩ કુલ રુા. ૬૦૦/–નો દંડ કરવાનો હુકમ કરવામા આવે છે જો દંડની રકમ ભરવામા ન આવે તો દિવસ–૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

આ કામે બીનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો., તેમજ મુદ્દામાલ નાણા સરકાર જમા કરવા અને જો કોઈ કીંમતી મુદામાલ હોય તો ફરીયાદી/ માલીકને ખરાઈ કરી પરત કરવો અને વચગાળાનો કોઈ હુકમ હોય તે કાયમ કરવામા આવે છે. રોકડ જામીનગીરી ફોરફીટ કરવી.

હુકમ આજરોજ ખુલ્લી કોર્ટમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૧૧–૧૨–૨૦૨૧

(આર. આર. દેસાઈ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૯,
અમદાવાદ. જજ યુનીક કોડ નં. જી.જે.–૦૧૦૮૯.